

મિત્રો,

હવે આપણે ધીરે ધીરે વેદાંતના થોડા સંસ્કારો પ્રાપ્ત કરી ચૂક્યા છીએ. આદિ શંકરાચાર્ય કૃત શ્રી વાક્યસુધા નું વાચન તેનો અર્થ તથા શ્રી મન્નથુરામ શર્માજીની ટીકાનો ક્રમે ક્રમે અભ્યાસ કરશું. જ્ઞાન ઉતાવળે પ્રાપ્ત ન થાય. પ્રાપ્ત કરેલ જ્ઞાન મનનથી પચે અને પછી નિદિધ્યાસનથી આપણાં સ્વભાવમાં એકરુપ થાય ત્યાં સુધી ધીરજ ધરવી જરુરી હોય છે. શ્રી વાક્યસુધામાં કુલ ૪૩ શ્લોક છે.

**મંગલાચરણ ને ગ્રંથની પ્રતિજ્ઞા**

**દોહરો**

**બ્રહ્મઈશનું ધ્યાન ધરી, વંદી સદગુરુ-પાય;**
**ટીકા વાક્યસુધા તણી, ગુર્જર-ગિરા લખાય.**

આ નામરુપાત્મક જગત નામનો કાદવ આત્માને લાગેલો પ્રતીત થાય છે તે મહાવાક્યરૂપ પરમ પવિત્ર જલ વડે ધોઈ નાખવા યોગ્ય છે. પદાર્થનું જ્ઞાન વાક્યાર્થના જ્ઞાનનું કારણ છે, માટે પ્રથમ પદાર્થનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. તત્વમસિ (તે બ્રહ્મ તું છે) આ મહાવાક્યમાં ત્વં (તું) એવું જે પદ છે તેના અર્થને ભગવાન ભાષ્યકાર પ્રથમ પાંચ શ્લોકો વડે જણાવે છે.

તેમાં પ્રથમ શ્લોક વડે દૃશ્યનો ને દૃષ્ટાનો વિવેક કરે છે.

**રુપં દૃશ્યં લોચનં દૃક તત દૃશ્યં દૃષ્ટ માનસમ |**
**દૃશ્યા ધીવૃત્તય: સાક્ષી દૃગેવ ન તુ દૃશ્યતે || ૧ ||**

**શ્લોકાર્થ:**
રુપ દૃશ્ય ને નેત્ર દૃષ્ટા,
તે દૃશ્ય ને મન દૃષ્ટા,
બુદ્ધિની વૃત્તિઓ દૃશ્યને સાક્ષી દૃષ્ટા,
તે સાક્ષી દૃશ્ય થતો નથી.

**ટીકા:**
લીલું, રાતું, ધોળું, પીળું, કાળું, લાંબું, ટુંકુ ને પહોળું ઈત્યાદિ રૂપોને તે રૂપોવાળી સર્વ સ્થૂળ વસ્તુઓ દૃશ્ય છે, ને તે દૃશ્યની અપેક્ષાએ નેત્રો દૃષ્ટા છે.

હમણાં મારા નેત્રો દૂરની વસ્તુઓ જોઈ શકતાં નથી, હમણાં મારાં નેત્રોનું સામર્થ્ય ઘટવા માંડ્યું છે, ને આગળ મારાં નેત્રોમાં બહુ સુક્ષ્મ વસ્તુઓ જોવાનું સામર્થ્ય હતુ, આમ નેત્રોની સ્થિતિનો વિચાર કરવામાં આવે છે ત્યારે નેત્રો દૃષ્ટા મટીને દૃશ્ય થઈ જાય છે, ને તે નેત્રોનું દૃષ્ટા મન છે એમ નક્કી થાય છે.

આ મનને વા અંત:કરણને, તેની વૃત્તિઓના ઉદયને તથા અસ્તને અને તેના શુભાશુભ વેગને જાણનારો અન્ય કોઈ છે એમ જણાય છે. આને જ વાસ્તવિક દૃષ્ટા અથવા સાક્ષી કહેવામાં આવે છે.

આ સાક્ષીની અપેક્ષાએ અંત:કરણની વૃત્તિઓ જે આગળ દૃષ્ટરૂપ ગણાતી હતી તે હવે દૃશ્યપણાને પામે છે. આ સાક્ષી અંતિમ-છેવટનો-દૃષ્ટા છે, તે કોઈનો દૃષ્ય થતો નથી. આ દૃષ્ટાનો જો બીજો દૃષ્ટા માનવામાં આવે તો અનવસ્થા દોષની પ્રાપ્રિ થાય છે.

નીલાદિ અનેક પ્રકારના રૂપો છતાં તેને જોનારું નેત્ર એક પ્રકારનું છે તેમ પ્રતિપાદન કરે છે :-

**નીલપીતસ્થૂલસૂક્ષ્મહ્રસ્વદીર્ઘાદિભેદતઃ |**
**નાનાવિધાનિ રુપાણિ પશ્યેલ્લોચનમેકધા || ૨ ||**

**શ્લોકાર્થ:**
નીલ, પીત, સ્થૂલ, સુક્ષ્મ, હ્રસ્વ ને દિર્ઘાદિના ભેદથી નાના પ્રકારનાં રૂપોને એક પ્રકારનું નેત્ર જુએ છે.

**ટીકા:**
વાદળી, પીળું, રાતું, લીલું, ધોળું, કાળું, જાંબવું, ચળકાટવાળું, ચળકાટરહિત, જાડું, ઝીણું, ટૂંકું, લાંબું, વાંકું ને ગોળ આદિ અનેક પ્રકારનાં પરસ્પર વ્યભિચારી રૂપો જોતું છતાં લોચન એક પ્રકારનું જ રહે છે, વ્યભિચાર પામતું નથી.

રૂપો અનેક પ્રકારનાં ને એકબીજાથી વિપરીત છે તે દૃશ્ય છે, અને તે દૃશ્યની અપેક્ષાએ નેત્ર તે સર્વ રૂપોનું દૃષ્ટા છે.

બહુ દૃશ્યોના દૃષ્ટાપણા વડે નક્કી કરેલા એક નેત્રનું પણ અંતિમ દૃષ્ટાપણું નથી, કેમ કે તેનું પણ એકરૂપપણું રહેતું નથી, તેથી નેત્ર પણ દૃશ્ય જ છે. એ નેત્રાદિનું દૃષ્ટા મન છે તેમ નીચેના શ્લોકથી જણાવે છે :-

**આન્ધ્યમાન્ધ્યપટુત્વેષુ નેત્રધર્મેષ્વનેકધા |**
**સંકલ્પયન્મનઃ શ્રોત્રત્વગાદૌ યોજ્યતામિતિ || 3 ||**

**શ્લોકાર્થ :**
અંધપણું, મંદપણું ને પટુપણું એવા અનેક પ્રકારના નેત્રના ધર્મોની કલ્પના કરતું છતું મન દૃષ્ટા છે. શ્રોત્ર ને ત્વચા આદિમાં આ પ્રમાણે યોજના કરવી.

**ટીકા :**
જો કે એક પુરુષમાં એક જ નેત્રેન્દ્રિય છે તો પણ તે એકરૂપવાળું નથી, અનેક રૂપ વાળું છે. અંધપણું, મંદપણું ને સારી રીતે કામ કરવાની યોગ્યતાવાળાપણું, તેમ તેની અવસ્થાના ભેદ વડે તેનું વિકારીપણું જણાય છે.

જે વિકારી હોય તેમા પોતાના વિકારનું દૃષ્ટાપણું સંભવતું નથી, તેનું દૃષ્ટાપણું કોઈ અન્યમાં સંભવે છે.

નેત્રના દૃષ્ટાનો વિચાર કરતાં અંતઃકરણમાં તેનું દૃષ્ટાપણું છે તેમ સિદ્ધ થાય છે.

અંધપણું, મંદપણું ને યથાયોગ્યપણું એવા નેત્રના અનેક વ્યભિચારી ધર્મોમાં નેત્રનું અંધપણું, તેનું મંદપણું ને તેનું નિર્દોષપણું તેમ અનેક પ્રકારે તેના સંબધમાં સંકલ્પ કરતું છતું અંતઃકરણ તેના દૃષ્ટાપણાને પામે છે.

અંતઃકરણ જેમ નેત્રનું દૃષ્ટા છે તેમ તે શ્રોત્ર ને ત્વચા આદિ અન્ય ઈંદ્રિયોનું પણ દૃષ્ટા છે તેમ જાણવું.

હવે નેત્રાદિની પેઠે મન પણ અન્યનું દૃશ્ય છે તેમ જણાવે છે :-

**કામ: સંકલ્પસંદેહૌ શ્રદ્ધાશ્રદ્ધે ધૃતીતરે |**
**હ્રીર્ધીર્ભીરિત્યેવમાદીન ભાસયત્યેકધા ચિતિ: || ૪ ||**

**શ્લોકાર્થ:**
ઈચ્છા, સંકલ્પ, સંશય, શ્રદ્ધા, અશ્રદ્ધા, ધીરજ, અધીરજ, લોકલજ્જા, નિશ્ચય ને ભય ઈત્યાદિને એક પ્રકારનું ચેતન પ્રકાશે છે.

**ટીકા:**
પ્રાણિપદાર્થની પ્રાપ્તિની ઈચ્છા,
પદાર્થોમાં રમણીયપણાની કલ્પના,
સંશય – બે વિરુદ્ધ કોટીને વિષય કરનારી અંત:કરણની વૃત્તિ,
શાસ્ત્રાદિમાં પ્રમાણપણાના નિશ્ચયવાળી વૃત્તિ,
શાસ્ત્રાદિમાં પ્રમાણપણાના નિશ્ચય વિનાની વૃત્તિ,
ધૈર્ય – બુદ્ધિને ક્ષોભરહિત રાખવાનું બલ, અધૈર્ય,
અયોગ્ય કર્મમાં લોકલજ્જા,
કોઈ પણ વિષયના નિશ્ચયવાળી વૃત્તિ,
ભય, ક્રોધ, લોભ, મોહ, મદાદિ
અનેક પ્રકારની વૃત્તિઓવાળા અંત:કરણને સર્વદા એકરૂપે રહેનારું અવસ્થાંતર વિનાનું ને ધર્માંતર વિનાનું ચેતન પ્રકાશે છે.

તે ચેતનને પ્રકાશનારો અન્ય કોઈ પદાર્થ નથી.

અંત:કરણાદિની સર્વ અવસ્થાઓના સાક્ષિરૂપ ચેતનનું અવિકારીપણું સિદ્ધ કરતા છતા તેનું એકરૂપપણું અને સર્વના પ્રકાશકપણા વડે તથા સર્વત્ર અવ્યભિચારીપણા વડે અદ્વિતીયપણું પ્રતિપાદન કરે છે :-

**નોદેતિ નાસ્તમેત્યેષા ન વૃદ્ધિં યાતિ ન ક્ષયમ |**
**સ્વયં વિભાત્યથાન્યાનિ ભાસયેત્સાધનં વિના || ૫ ||**

**શ્લોકાર્થ:**
આ ચેતન જન્મતું નથી, વિનાશ પામતું નથી, વૃદ્ધિને પામતું નથી ને ક્ષીણતાને પામતું નથી; તે પોતે પોતાની મેળે પ્રકાશે છે, તથા અન્યોને સાધન વિના પ્રકાશે છે.

**ટીકા:**
આ નિરવયવ ચેતન સર્વના સાક્ષિરૂપપણા વડે સર્વવ્યાપક છતાં પણ તે

કોઈ નિમિત્તથી ઉત્પન્ન થતું નથી,
કોઈ પણ હેતુંથી તે વિનાશ પામતું નથી,
કોઈ સામગ્રી વડે તે વૃદ્ધિને પામતું નથી,
કોઈ પણ નિમિત્તથી તે ઘટતું નથી,
તે અન્ય પરિણામને પામતું નથી,
અને તે ઉત્પન્ન થવાની યોગ્યતાવાળું પણ નથી.

આવી રીતે છ ભાવવિકારોથી રહિત છે. આ ચેતન પોતે પોતાથી પ્રકાશે છે, અને અસંગ ને અવિકારી રહી કોઈ પણ સાધનવિના ઉપર કહેલા સર્વ વિકારવાળા પદાર્થોને તથા અન્યોને પ્રકાશે છે.

જાગ્રદાદિ અવસ્થાઓ અંત:કરણની છે, અસંગ ને અવિકારી આત્માની તે નથી તેમ પ્રતિપાદન કરે છે :

**ચિચ્છાયાવેશતો બુદ્ધૌ ભાનં ધીસ્તુ દ્વિધા સ્થિતા |**
**એકાહંકૃતિરન્યા સ્યાદન્ત:કરણરુપિણી || ૬ ||**

**શ્લોકાર્થ:**
ચેતનના આભાસના પ્રવેશથી બુદ્ધિમાં આત્માનું ભાન થાય છે. તે બુદ્ધિ બે પ્રકારે સ્થિત છે, એક અહંકારરૂપ ને બીજી મનોરૂપ છે.

**ટીકા:**
પ્રત્યગાત્મસ્વરૂપના આભાસનો અંત:કરણમાં પ્રવેશ થાય છે, તેથી આત્માનું વિશેષ ભાન થાય છે.

ચિદાત્મા સ્વરૂપથી પ્રકાશકપણા વડે પોતે સર્વદા ભાસમાન છતાં પણ પોતાના નિર્વિશેષપણાથી વિશેષ ભાસમાન થતો નથી.

તે ચિદાત્મામાં કલ્પિત અનાદિ અનિર્વચનીય અજ્ઞાન જ્યારે કર્મથી ઉઠેલી વાસનાથી અંત:કરણને આકારે થાય છે ત્યારે તેમાં પ્રકાશકપણા વડે અનુગત ચિદાત્મા અંત:કરણને આકારે પ્રતીત થાય છે. આ વેળા અંત:કરણના ને આત્માના એકપણાની પ્રતીતિથી તે વિશેષ વડે આત્મા સવિશેષ ભાસે છે.

જે અંત:કરણમાં આત્માનું એવી રીતે ભાન થાય છે તે અંત:કરણ બે પ્રકારે સ્થિત છે, એક અહંકારરૂપે ને અન્ય મનોરૂપે.

ચેતનરૂપ આત્માના ને જડરૂપ બુદ્ધિના એકપણાની ભ્રાંતિ કહી તેને દૃષ્ટાંતવડે સ્પષ્ટ કરે છે :-

**છાયાહંકારયોરૈક્યં તપ્તાયઃ પિંડવન્મતં |**
**તદહંકારતાદાત્મ્યાદેહશ્ચેતનતામિયાત || ૭ ||**

**શ્લોકાર્થ:**

આભાસનું અને અહંકારનું એકપણું તપેલા લોઢાના ગોળાના જેવું માનેલું છે. તે સાભાસ અહંકારની સાથેના એકપણાના ભ્રમથી દેહ ચેતનપણાને પામેલો જણાય છે.

**ટીકા:**

જેમ અગ્નિના વ્યાપ્તપણાવડે લોઢાનો ગોળો અગ્નિપણાને પામેલો જણાય છે તેમ આત્મચૈતન્યના વ્યાપ્તપણા વડે અહંકાર ચેતનપણાને પામેલો જણાય છે.

એવી રીતે લિંગશરીરમાં આત્માના આભાસથી આત્મામાં કર્તાપણાનો તથા ભોક્તાપણાનો વ્યવહાર પ્રવૃત્ત થાય છે.

સ્થુલશરીરમાં આભાસવાળા લિંગશરીરનું સંક્રમણ થવાથી સ્થૂલશરીર પણ ચેતનયુક્તપણાના વ્યવહારને યોગ્ય થાય છે.

હવે કહેલા અહંકારના એકપણાને વિષયના ભેદવડે વિભાગ કરીને પ્રતિપાદન કરે છે :-

**અહંકારસ્ય તાદાત્મ્યં ચિચ્છાયાદેહસાક્ષિભિ: |**
**સહજં કર્મજં બ્રાન્તિજન્યં ચ ત્રિવિધં ક્રમાત || ૮ ||**

**શ્લોકાર્થ:**
ચિદાભાસ, સ્થૂલશરીર ને સાક્ષીની સાથે અહંકારનું એકપણું સહજ, કર્મજ ને ભ્રમજ તેમ ક્રમથી ત્રણ પ્રકારનું છે.

**ટીકા:**
ચિદાભાસની સાથે અહંકારનું એકપણું સહજ એટલે ઉત્પત્તિ વિશિષ્ટ છે, - ચિદાભાસની પ્રતીતિ અહંકારની ઉત્પતિની સાથે જ છે, તેથી હું જાણું છું એવો અનુભવ થાય છે.

સ્થુલશરીરની સાથે અહંકારનું એકપણું પૂર્વના ધર્માધર્મથી ઉપજેલું છે. તેથી હું મનુષ્ય છું એવો અનુભવ થાય છે.

સાક્ષીની સાથે અહંકારનું એકપણું ભ્રમમાત્રથી સિદ્ધ છે, તેથી હું ચું એવો અનુભવ થાય છે.

એવી રીતે અહંકારનું ત્રિવિધપણું છે.

હવે કહેલા અહંકારના ચિદાભાસાદિની સાથેના એકપણાની પ્રતીતિઓની નિવૃત્તિના હેતુઓને ક્રમપૂર્વક પ્રતિપાદન કરે છે :-

**કર્મક્ષયાત્પ્રબોધાચ્ચ નિવર્તેતે ક્રમાદુભે || ૯ ||**

**શ્લોકાર્થ:**

અહંકારની અને ચિદાભાસની વિદ્યમાનદશામાં તેમના સહજ એકપણાની નિવૃત્તિ થતી નથી. કર્મના ક્ષયથી ને જ્ઞાનથી ક્રમથી બંને નિવૃત્ત થાય.

**ટીકા:**

જેમ ઊઘાડી જગામાં રહેલા ઊઘાડા જલપાત્રમાં આકાશમાં રહેલા સૂર્યનું પ્રતિબિંબ તે જલપાત્રની સ્થિતિ સુધી પડે છે, ને જલપાત્રની નિવૃત્તિ સાથે તેમાં પ્રતીત થતાં પ્રતિબિંબની પણ નિવૃત્તિ થાય છે, તેમ અહંકારનો સદભાવ હોય ત્યાં સુધી તેમાં ચેતનનું પ્રતિબિંબ પડે છે, ને અહંકારની નિવૃત્તિ થયે તેમાં પ્રતીત થતા ચેતનના પ્રતિબિંબની નિવૃત્તિ થાય છે, અર્થાત ચિદાભાસમાં અહંકારના ભ્રમની નિવૃત્તિ અહંકારની નિવૃત્તિથી થાય છે.

દેહનો આરંભ કરનારા કર્મોનો ક્ષય થવાથી શરીરની સાથેના અહંકાર ભ્રમની નિવૃત્તિ થાય છે, ને જ્ઞાન થવાથી સાક્ષીની સાથેના અહંકાર ભ્રમની નિવૃત્તિ થાય છે.

આત્મામાં અંત:કરણની ત્રણ અવસ્થાની પ્રતીતિ તથા તેનું સંસારીપણું અહંકારની સાથેના અધ્યાસે કરેલું છે તેમ પ્રતિપાદન કરવાનો આરંભ કરે છે :

**અહંકારલયે સુપ્તૌ ભવેદેહોઽપ્યચેતન: |**
**અહંકારવિકાસાર્ધ: સ્વપ્ન: સર્વસ્તુ જાગર: || ૧૦ ||**

**શ્લોકાર્થ:**

સુષુપ્તિમાં અહંકારનો લય થવાથી શરીર જડ જેવું જ થાય છે. અહંકારના અર્ધા વિકાસથી ઉપજેલું સ્વપ્ન છે, ને સર્વ અહંકારના વિકાસથી થયેલી તે જાગ્રદ અવસ્થા છે.

**ટીકા:**

પ્રાણીઓના અંત:કરણની સુષુપ્તિ અવસ્થામાં અહંકારનો તેના ઉપાદાનકારણ અજ્ઞાનમાં લય થવાથી પ્રાણીઓનાં શરીરો ઘટાદિ જડ પદાર્થના જેવા પ્રતિત થાય છે.

એ અહંકાર અર્ધજાગ્રત થાય છે ત્યારે પ્રાણીને સ્વપ્નાવસ્થાનો અનુભવ થાય છે.

જ્યારે એ અહંકાર સંપૂર્ણ જાગ્રત થાય છે ત્યારે પ્રાણીને જાગ્રદવસ્થાનો અનુભવ થાય છે.

સ્વપ્ન અને જાગ્રત કેવી રીતે અહંકારના કાર્યરૂપ છે તે કહે છે:

**અંતઃકરણવૃત્તિસ્તુ ચિત્તિચ્છાયૈક્યમાગતા |**
**વાસનાઃ કલ્પયેત્સ્વપ્ને બોધેઽક્ષૈર્વિષયાન બહિઃ || ૧૧ ||**

**શ્લોકાર્થ:**
પ્રસિદ્ધ અંતઃકરણની વૃત્તિ ચૈતન્યના આભાસની સાથે એકપણાને પામી સ્વપ્નમાં વાસનાઓને અનુભવે છે, ને જાગ્રતમાં ઇંદ્રિયો વડે બહારના વિષયોને અનુભવે છે.

**ટીકા:**
બહારના પદાર્થોના અનુભવજન્ય સંસ્કારો પ્રાયશઃ સ્વપ્નના હેતુઓ છે.

આત્મા અવિકારી ને નિર્ગુણ હોવાથી જાગ્રદવસ્થામાં ઇંદ્રિયો વડે થતો બહારના પદાર્થોનો અનુભવ એ આત્માનો ધર્મ નથી. શરીર, ઇંદ્રિયો ને મનના અચેતનપણાના નિશ્ચયથી તેમનો પણ તે ધર્મ નથી, એ ત્રણેના મિશ્ર થવાથી એ ધર્મ ઉત્પન્ન થાય છે તેમ પણ કહી શકાય નહિ, કેમ કે જે એક એક ચેતનરૂપ ન હોય તે ભેગાં થઈને પણ ચેતનરૂપ થઈ શકે નહિ.

સ્થૂલ શરીર પંચીકૃત પાંચ ભૂતોના કાર્યરૂપ હોવાથી જડ છે, ને ઇંદ્રિયો તથા અંતઃકરણ અપંચીકૃત પાંચ ભૂતોના કાર્યરૂપ હોવાથી તે પણ જડ છે. આમ વિચારતાં જાગ્રદવસ્થામાં ઇંદ્રિયો દ્વારા થતો બાહ્ય પદાર્થોનો અનુભવ ભ્રમરૂપ છે. તે ભ્રમ અંતઃકરણની ચિદાભાસયુક્ત બાહ્યવૃત્તિમાં ઉપજે છે.

સ્વપ્નના પદાર્થો ને તેનો અનુભવ પણ ભ્રમરૂપ જ છે.

અજ્ઞાનને તથા સુખને વિષય કરનારી સુષુપ્તિ અવસ્થાનો અનુભવ પણ ભ્રમરૂપ છે.

આવી રીતે ત્રણે અવસ્થાઓ આત્માની નથી, પણ અહંકારથી આત્મામાં કલ્પાય છે.

**મનોહંકૃત્યુપાદાનં લિંગમેકં જડાત્મકં |**
**અવસ્થાત્રયમન્વેતિ જાયતે મ્રિયતેઽપિ વા || ૧૨ ||**

**શ્લોકાર્થ:**
મનનું અને અહંકારનું ઉપાદાન જડરૂપ એક લિંગશરીર છે. તે ત્રણે અવસ્થાને અનુસરે છે. તે લિંગ શરીર કારણ શરીરમાંથી ઉપજે છે, ને કારણ શરીરમાં લીન થાય છે.

**ટીકા:**
મન અને અહંકાર એ બંને જડરૂપ એક લિંગશરીરમાં-વ્યષ્ટિ-સમષ્ટિ સૂક્ષ્મ શરીરમાં રહેલાં છે. મનુષ્યાદિનું લિંગ શરીર જાગ્રત,સ્વપ્ન ને સુષુપ્તિ આ ત્રણ અવસ્થાને પામે છે. ક્યારેક મૂર્ચ્છાવસ્થાને પણ પામે છે. તે લિંગ શરીર અવિદ્યાના અંશરૂપ કારણ શરીરમાંથી ઉપજે છે, ને સુષુપ્તિમાં કારણ શરીરમાં લીન થાય છે.

એવી રીતે ત્વંપદનો અર્થ, સર્વ અવસ્થાઓના સાક્ષિપણાથી અવસ્થાઓથી ને અંત:કરણથી વિલક્ષણ, અવિકારી ને નિત્ય પ્રત્યગાત્મા છે તેમ નક્કી કર્યું.

હવે તત્પદના અર્થને શોધવાનો પ્રારંભ કરે છે:

**શક્તિદ્વયં હિ માયાયા: વિક્ષેપાવૃત્તિરુપકં |**
**વિક્ષેપશક્તિર્લિંગાદિબ્રહ્માણ્ડાન્તં જગત્સૃજેત || ૧૩ ||**

**શ્લોકાર્થ:**

વિક્ષેપરૂપ અને આવરણરૂપ બે શક્તિ પ્રસિદ્ધ માયાની છે. વિક્ષેપશક્તિ સૂક્ષ્મ શરીરથી માંડિને બ્રહ્માંડઓઅર્યંત જગત રચે છે.

**ટીકા:**

આ જગતના ઉપાદાનકારણ રૂપ માયાની વા પ્રકૃતિની બે શક્તિઓ છે, એક વિક્ષેપશક્તિ અને બીજી આવરણશક્તિ.

તેમાં વિક્ષેપશક્તિ સત્તર તત્વરૂપ લિંગશરીરથી આરંભીને બ્રહ્માંડ એટલે સમષ્ટિ સ્થૂલ શરીર પર્યંતના જગતને રચે છે.

તાર્કિકોએ માનેલાં પરમાણુઓ કે સાંખ્યયોગવાળાએ માનેલું પ્રધાન આ જગતનું ઉપાદાનકારણ નથી.

બ્રહ્મ આ જગતનું વાસ્તવિક ઉપાદાન કારણ નથી, પણ સત્તાસ્ફુર્તિ આપવા વડે તે આ જગતનું વિવર્તોપાદાનકારણ ગણાય છે તેમ કહે છે:

**સૃષ્ટિર્નામ બ્રહ્મરુપે સચ્ચિદાનન્દવસ્તુનિ |**
**અમ્બુફેનાદિવત્સર્વ નામરુપપ્રસારણં || ૧૪ ||**

**શ્લોકાર્થ:**
સૃષ્ટિ એટલે જલમાં ફીણાદિની પેઠે બ્રહ્મરૂપ સચ્ચિદાનંદ વસ્તુમાં સર્વ નામ રૂપનો વિસ્તાર છે.

**ટીકા:**
જલમાં જોવામાં આવતાં ફીણ તથા પરપોટા આદિ જલથી ભિન્ન નથી, કેમ કે જલવિના તેમના નિરૂપણ કરવા યોગ્ય સ્વરૂપનો અભાવ છે.

તે જલથી અભિન્ન પણ નથી, કેમ કે તેમની જલથી ભિન્ન પ્રતીતિ થાય છે.

તે જલથી ભિન્નાભિન્ન પણ નથી, કેમ કે ભિન્નનો ને અભિન્નનો પરસ્પર વિરોધ છે.

એવી રીતે જગત પણ સચ્ચિદાનંદરૂપ બ્રહ્મથી ભિન્ન નથી, કેમ કે ચૈતન્ય વિના આ જગતનું સ્વતંત્રપણે નિરુપણ થઈ શકતું નથી.

જગત ચૈતન્યથી અભિન્ન પણ નથી, કેમ કે તે પૃથક પ્રતીત થાય છે, ઇંદ્રિયો વડે અનુભવાય છે, જડ છે, સ્થૂલ છે ને અનેક પ્રકારનું છે.

ભિન્નાભિન્નનો વિરોધ હોવાથી તે બ્રહ્મથી ભિન્નાભિન્ન પણ નથી.

હવે આવરણ શક્તિને તથા તેના કાર્યને જણાવે છે :

**અન્તર્દૃગ્દૃશ્યયોર્ભેદં બહિશ્ચ બ્રહ્મસર્ગયોઃ |**
**યાઽઽવૃણોત્યપરા શક્તિઃ સા સંસારસ્ય કારણં || ૧૫ ||**

**શ્લોકાર્થ:**
જે બીજી શક્તિ અંતરના દૃષ્ટા ને દૃશ્યના વિલક્ષણપણાને તથા બહારના બ્રહ્મના ને સૃષ્ટિના વિલક્ષણપણાને ઢાંકે છે તે સંસારનું કારણ છે.

**ટીકા:**
વિક્ષેપથી ભિન્ન માયાની બીજી શક્તિ જે આવરણ નામથી પ્રસિદ્ધ છે તે શરીરની અંતર દૃષ્ટારૂપ આત્માના ને દૃશ્યરૂપ અહંકારાદિના વિલક્ષણપણાને ઢાંકે છે, તથા શરીરની બહારના પરિપૂર્ણ બ્રહ્મના ને પ્રતીત થતા જગતના વિલક્ષણપણાને ઢાંકે છે, તે શક્તિ આ સંસારનું કારણ છે.

હવે સંસારમાં ભ્રમણ કરનારા જીવનું સ્વરૂપ કહે છે :

**સાક્ષિણઃ પુરતો ભાતિ લિંગઃ દેહેન સંયુતઃ |**
**ચિત્તિચ્છાયાસમાવેશાજ્જીવઃ સ્યાદ્વ્યાવહારિકઃ || ૧૬ ||**

**શ્લોકાર્થ:**

સાક્ષીની આગળ સ્થૂલશરીર સહિત જે સૂક્ષ્મશરીર પ્રતીત થાય છે તે ચેતનના આભાસના પ્રવેશથી વ્યવહારિક જીવ છે.

**ટીકા:**

સર્વની અંતર રહેલા અંતરાત્માની આગળ અંતરાય રહિત સ્થૂલ શરીર સહિત જે અંતઃકરણ તથા પ્રાણાદિવાળું સૂક્ષ્મ શરીર પ્રતીત થાય છે તે સૂક્ષ્મ શરીર ચેતનના આભાસના પ્રવેશથી પોતાને કર્તા, ભોક્તા, મનુષ્ય, કાણો તથા બહેરો માનનાર – એવો વ્યવહાર કરનાર જીવ છે.

અનાત્મામાં અધ્યાસવાળા ચિદાત્માના જીવપણાને કહે છે:

**અસ્ય જીવત્વમારોપાત્સાક્ષિણ્યપિ ચ ભાસતે |**
**આવૃત્તૌ તુ વિનષ્ટાયાં ભેદજાતં પ્રયાતિ તત || ૧૭ ||**

**શ્લોકાર્થ:**

આના જીવપણાના આરોપથી સાક્ષીમાં પણ જીવપણું ભાસે છે, પણ આવરણ વિનાશ પામવાથી તે ભેદસમૂહ બાધ પામે છે.

**ટીકા:**

પૂર્વોક્ત લિંગશરીરના જીવપણાના અધ્યાસથી (ભ્રાંતિથી) સ્થૂલ-સૂક્ષ્મ સંઘાતથી વિલક્ષણ સાક્ષી પણ સ્થૂલસૂક્ષ્મ શરીર રૂપ સંઘાતની સાથેના એકપણની ભ્રાંતિથી સંસારી  જીવ જ પ્રતીત થાય છે. એવી રીતે આત્મસ્વરૂપના અજ્ઞાનથી આત્માને બંધન છે. આત્મસ્વરૂપનું અજ્ઞાન નિવૃત્ત થયે લિંગશરીર, જીવ ને સાક્ષી એવા ભેદો બાધ પામે છે. તે ભેદો મિથ્યા છે એવો દૃઢ નિશ્ચય થાય છે. માત્ર એક સાક્ષી વા ચિદાત્મા જ અવશેષ રહે છે.

એવી રીતે આવરણ શક્તિ પ્રધાન અજ્ઞાનને લીધે આત્માનું સંસારીપણું કહીને હવે વિક્ષેપશક્તિ પ્રધાન અજ્ઞાનને લીધે જ બ્રહ્મનું સંસાર સહિત પણું છે તેમ જણાવે છે :

**સર્ગસ્ય બ્રહ્મણસ્તદ્વદ ભેદમાવૃત્ય તિષ્ઠતિ |**
**યા શક્તિસ્તદ્વશાત બ્રહ્મ વિકૃતત્વેન ભાસતે || ૧૮ ||**

**શ્લોકાર્થ:**
તેમ જે શક્તિ જગતના ને બ્રહ્મના ભેદને ઢાંકીને રહે છે તે શક્તિને લીધે બ્રહ્મ સંસાર સહિત પણા વડે પ્રતીત થાય છે.

**ટીકા:**
જેમ આવરણ શક્તિ આત્માના વાસ્તવિક સ્વરૂપના તથા અંતઃકરણાદિના વિલક્ષણપણાને ઢાંકીને રહે છે તેમ જે વિક્ષેપશક્તિ આ જગતના ને બ્રહ્મના વિલક્ષણપણાને ઢાંકીને રહે છે તે શક્તિના મહિમાથી અસંગી બ્રહ્મ જગતની ઉત્પત્તિના, સ્થિતિના ને પ્રલયના કારણરૂપ હોય તેમ પ્રતીત થાય છે.

પૂર્વોક્ત આવરણ દૂર થવાથી બ્રહ્મના ને જગતના ભેદની પણ નિવૃત્તિ થાય છે તેમ જણાવે છે :

**અત્રાપ્યાવૃત્તિનાશે ન વિભાતિ બ્રહ્મસર્ગયો: |**
**ભેદસ્તતો વિકાર: સ્યાત્સર્ગે ન બ્રહ્મણિ ક્વચિત || ૧૯ ||**

**શ્લોકાર્થ:**
અહીં પણ આવરણનો નાશ થવાથી બ્રહ્મનો ને જગતનો ભેદ પ્રતીત થતો નથી, તેથી બ્રહ્મમાં કદી પણ જગત સંબંધી વિકાર નથી.

**ટીકા:**
બ્રહ્મને આશરે રહેલી આવરણ શક્તિરૂપ અવિદ્યાની નિવૃત્તિ થવાથી બ્રહ્મ જગતનું કારણ છે, ને આ જગત બ્રહ્મનું કાર્ય છે, એવો ભેદ નિવૃત્ત થાય છે. અવિદ્યાની નિવૃત્તિ થવાથી તે વિક્ષેપની પણ નિવૃત્તિ થાય છે. એવી રીતે આ સંસારરૂપ વિકાર (કાર્ય) અજ્ઞાન વડે કલ્પિત છે, તેથી અસંગ ને અવિકારી બ્રહ્મમાં કદી પણ આ જગત સંબંધી (જગતની ઉત્પતિ ને સ્થિતિરૂપ) વિક્રિયા નથી.

હવે તત્પદ અને ત્વંપદના એકપણાને કહેવાને તત્પદના તથા ત્વંપદના વાચ્યાર્થને તથા લક્ષ્યાર્થને ક્રમપૂર્વક બે શ્લોકો વડે જણાવે છે :

**આદ્યં ત્રયં બ્રહ્મરુપં જગદ્રૂપં તતો દ્વયમ || ૨૦ ||**

**શ્લોકાર્થ:**

છે, સ્ફૂરે છે, પ્રિય, રૂપ ને નામ આ પાંચ અંશવાળું જગત છે. પ્રથમના ત્રણ બ્રહ્મરૂપ છે, ને પછીના બે સંસારરૂપ છે.

**ટીકા:**

સત્તા (છે), સ્ફૂર્તિ (પ્રતીત થાય છે), સુખરૂપતા, રૂપ ને નામ આ પાંચ અંશોવાળું આ જગત છે.
અર્થાત
આ જગતમાંના પ્રત્યેક પદાર્થમાં એ પાંચ અંશો હોય છે;

જેમ  કે ઘડો છે,
ઘડો પ્રતીત થાય છે,
ઘડો પ્રિય છે,
ઘડો મોટા પેટવાળો ને સાંકડા મોઢાવાળો છે,
ને તેનું ઘડો એવું નામ છે.

આ પાંચ અંશોમાંથી છે, પ્રતીત થાય છે, ને પ્રિય છે, આ ત્રણ અંશો સર્વ પ્રાણિપદાર્થમાં સમાન હોવાથી તે બ્રહ્મરૂપ છે,
અને
રૂપ તથા નામ પ્રત્યેકમાં પૃથક પૃથક હોવાથી તે જગદરૂપ છે.

**ખવાય્વગ્નિજલોર્વીષુ દેવતિર્યંનરાદિષુ |**
**અભિન્નાત્સચ્ચિદાનન્દાદ્ભિદ્યેતે રુપનામની || ૨૧ ||**

**શ્લોકાર્થ:**
આકાશ, વાયુ, અગ્નિ, જલ ને પૃથિવીમાં તથા દેવ, તિર્યક ને મનુષ્યાદિમાં અભિન્ન સચ્ચિદાનંદથી રૂપ ને નામ ભેદ પામે છે.

**ટીકા:**
આકાશ, વાયુ, તેજસ, જલ ને પૃથિવી એ પાંચે મહાભૂતોમાં, સર્વ ભૌતિક પદાર્થોમાં તથા દેવ, મનુષ્ય, પશુ, પક્ષી, પેટે ચાલનારાં પ્રાણીઓ ને જલચરાદિમાં અસ્તિ (છે), ભાતિ (જણાય છે), ને પ્રિયરૂપે રહેલા એક સચ્ચિદાનંદ રૂપ બ્રહ્મથી પ્રાણીઓનાં ને પદાર્થોનાં રૂપ તથા નામ ભેદ પામે છે.

બ્રહ્મથી ભિન્ન ને તેમાં કલ્પિત તે રૂપ તથા નામ પરસ્પરમાં વ્યભિચારી ને ઈંદ્રિયગ્રાહ્ય હોવાથી મિથ્યા છે.
પૂર્વોક્ત બ્રહ્મમાં મોક્ષસાધકે પોતાના મનની એકાગ્રતા કરવી જોઈએ તેમ જણાવે છે :

**ઉપેક્ષ્ય નામરુપે દ્વે સચ્ચિદાનન્દવસ્તુનિ |**
**સમાધિં સર્વદા કુર્યાત હ્રદયે વાડથવા બહિ: || ૨૨ ||**

**શ્લોકાર્થ:**
નામ ને રૂપ એ બેની ઉપેક્ષા કરીને સચ્ચિદાનંદરૂપ વસ્તુમાં, હ્રદયમાં અથવા બહાર સર્વદા ચિત્તને એકાગ્ર કરે.

**ટીકા:**
વાચ્યના (શક્તિવૃત્તિ વડે જણાતા પદાર્થના) અંશરૂપ નામ ને રૂપ એ બેના મિથ્યાપણાનો દૃઢ નિશ્ચય કરીને લક્ષ્યરૂપ (લક્ષણા વડે જણાતા અર્થરૂપ) સત, ચિત ને આનંદ એ ત્રણે અંશરૂપ અખંડ એકરસ બ્રહ્મમાં મોક્ષ સાધક પોતાના ચિત્તને એકાગ્ર કરે. તે મોક્ષ સાધક પોતાના ચિત્તને પોતાના અધિકારનો વિચાર કરીને પોતાના હ્રદયાકાશમાં વા બહારના કોઈ પૂજ્યને પરમ પવિત્ર પદાર્થના અધિષ્ઠાનમાં પોતાના ચિત્તને એકાગ્ર કરે.

હવે અંતર ને બહાર બ્રહ્મમાં કરવા યોગ્ય સમાધિને બે પ્રકારે વિભાગ પાડીને સાત શ્લોકો વડે પ્રતિપાદન કરે છે. તેમાં પ્રથમ ચાર શ્લોકો વડે હૃદયાકાશના આલંબન વાળા સમાધિના ભેદોને કહે છે :

**સવિકલ્પોઽવિકલ્પશ્ચ સમાધિર્દ્વિવિધો હૃદિ |**
**દૃશ્યશબ્દાનુવિદ્ધેન સવિકલ્પઃ પુનર્દ્વિધા || ૨૩ ||**

**શ્લોકાર્થ:**
હૃદયમાં બે પ્રકારે સમાધિ છે, સવિકલ્પ ને નિર્વિકલ્પ. પુનઃ દૃશ્યાનુવિદ્ધ ને શબ્દાનુવિદ્ધ તેમ સવિકલ્પ સમાધિ બે પ્રકારની છે.

**ટીકા:**
હૃદયાકાશમાં સ્થિત બ્રહ્મમાં બે પ્રકારે સમાધિ થાય છે, એક સવિકલ્પ ને બીજી નિર્વિકલ્પ.

જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેયરૂપ વિકલ્પોનો સારી રીતે વિલય થયા વિના અખંડ સચ્ચિદાનંદસ્વરૂપમાં ચિત્તની એકાગ્રતા તે સવિકલ્પ સમાધિ કહેવાય છે.

જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેયરૂપ વિકલ્પોનો સારી રીતે વિલય થઈને અખંડ સચ્ચિદાનંદ સ્વરૂપમાં જે ચિત્તની એકાગ્રતા તે નિર્વિકલ્પ સમાધિ કહેવાય છે.

તેમાં સવિકલ્પ સમાધિના બે પ્રકાર છે : ૧. દૃશ્યાનુવિદ્ધ ને ૨. શબ્દાનુવિદ્ધ.

હવે દૃશ્યાનુવિદ્ધ સમાધિનું સ્વરૂપ કહે છે:

**કામાદ્યાશ્ચિત્તગા દૃશ્યાસ્તત્સાક્ષિત્વેન ચેતનમ |**
**ધ્યાયેદૃશ્યાનુવિદ્ધોડયં સમાધિઃ સવિકલ્પકઃ || ૨૪ ||**

**શ્લોકાર્થ:**
કામ આદિ ચિત્તમાં રહેલું દૃશ્ય છે, તેના સાક્ષીપણા વડે ચેતનનું ધ્યાન કરે. આ દૃશ્યાનુવિદ્ધ સવિકલ્પ સમાધિ છે.

**ટીકા:**
દૃશ્ય હોવાથી ને ચિત્તની પેઠે આવિર્ભાવ તિરોભાવ રૂપ ધર્મવાળી હોવાથી કામ ક્રોધાદિ વૃત્તિઓ ચિત્તની જ છે.

વળી જાગ્રતમાં ને સ્વપ્નમાં જ્યારે ચિત્ત હોય ત્યારે તે વૃત્તિઓ હોય છે, ને સુષુપ્તિમાં ચિત્તનો અભાવ હોવાથી તે વૃત્તિઓ હોતી નથી, તેથી પણ સિદ્ધ થાય છે કે કામ ક્રોધાદિ વૃત્તિઓ ચિત્તની જ છે, આત્માની નથી.

આમ હોવાથી તેના સાક્ષિપણા વડે ભેદ પામીને પ્રતીત થતા સ્વપ્રકાશ ચિદાત્માનું ધ્યાન કરે.

આવી રીતે દૃશ્યથી ભિન્ન સાક્ષિનું ધ્યાન કરવું આ દૃશ્યાનુવિદ્ધ સવિકલ્પ સમાધિ કહેવાય છે.

એવી રીતે સ્થૂલ (દૃશ્યાનુવિદ્ધ) સવિકલ્પ સમાધિને કહીને હવે સૂક્ષ્મ (શબ્દાનુવિદ્ધ) સવિકલ્પ સમાધિને કહે છે :

**અસંગ: સચ્ચિદાનન્દ: સ્વપ્રભો દ્વૈતવર્જિત: |**
**અસ્મીતિ શબ્દવિદ્ધોઽયં સમાધિ: સવિકલ્પક: | ૨૫ ||**

**શ્લોકાર્થ:**
અસંગ, સચ્ચિદાનંદ, સ્વપ્રકાશ ને દ્વૈત રહિત હું છું, એવા શબ્દ વડે વિંધાયેલ આ સવિકલ્પ સમાધિ છે.

**ટીકા:**
કામ ક્રોધાદિ વૃત્તિઓવાળા ચિત્તના સંગથી રહિત, અસત, જડ ને દુ:ખના સંસર્ગથી રહિત સર્વદા જ્ઞાન સ્વભાવયુક્ત ને સમગ્ર દ્વૈતના અવભાસથી રહિત જે અંતરાત્મા છે તે હું છું આવી રીતના શબ્દ વડે બ્રહ્મમાં એકાગ્ર કરેલા ચિત્તની સ્થિતિ આ શબ્દાનુવિદ્ધ સવિકલ્પ સમાધિ કહેવાય છે.

એવી રીતે યત્નથી ક્રમપૂર્વક થતી બે સમાધિને કહીને હવે પછી પોતાની મેળે થનાર નિર્વિકલ્પ સમાધિનો ઉપદેશ કરે છે:

**સ્વાનુભૂતિરસાવેશાદ્દૃશ્યશબ્દાનુપેક્ષિતુ: |**
**નિર્વિકલ્પ: સમાધિ: સ્યાન્નિર્વાતસ્થલદીપવત || ૨૬ ||**

**શ્લોકાર્થ:**

સ્વાનુભવરૂપ આનંદમાં પ્રવેશ થવાથી દૃશ્યની ને શબ્દની ઉપેક્ષા કરનારાનું ચિત્ત ગતિવાળા વાયુથી રહિત સ્થળમાંના દીવાની પેઠે અચલ રહે તે નિર્વિકલ્પ સમાધિ છે.

**ટીકા:**

સચ્ચિદાનંદરૂપ પરમાત્મામાં ચિત્તની એકાકારતા થવાથી આગળ કહેલા દૃશ્યનો ને શબ્દનો અનાદર કરનારા મોક્ષ સાધકનું ચિત્ત ગતિવાળા પવનથી રહિત સ્થાનમાં રહેલા દીવાની પેઠે બ્રહ્મમાં અચલ રહે તે – ચિત્તની તે અવસ્થા – નિર્વિકલ્પ સમાધિ કહેવાય છે.

હવે બીજા પ્રકારની દૃશ્યાનુવિદ્ધ સવિકલ્પ સમાધિ કહે છે :

**હૃદીવ બાહ્યદેશેડપિ યસ્મિન કસ્મિંશ્ચ વસ્તુનિ |**
**સમાધિરાદ્ય: સન્માત્રે નામરુપે પૃથક સ્થિત: || ૨૭ ||**

**શ્લોકાર્થ:**
હૃદયમાં થતી દૃશ્યાનુવિદ્ધ સમાધિની પેઠે બાહ્યદેશમાં પણ જે કોઈ વસ્તુમાં સમાધિ તે પ્રથમ સમાધિ છે. આ સમાધિ નામરુપથી પૃથક સન્માત્રમાં રહેલી છે.

**ટીકા:**
હૃદયમાં કોઈ પણ નામ રૂપ વાળી પરમ પવિત્ર ને પરમ પૂજ્ય વસ્તુમાં કરવામાં આવતી મનની એકાગ્રતાની પેઠે બહાર સૂર્ય ચંદ્રાદિ કોઈ પણ યોગ્ય વસ્તુમાં મોક્ષ સાધકે પોતાના મનની એકાગ્રતા કરવી તે દૃશ્યાનુવિદ્ધ સવિકલ્પ સમાધિ છે.

આ સમાધિ નામ તથા રૂપ આ બે કલ્પિત અંશોનો પરિત્યાગ કરીને સત્તામાત્ર રૂપ બ્રહ્મમાં રહેલ છે.

કોઈ પ્રતમાં ઉત્તરાર્ધ સમાધિરાદ્ય: સન્માત્રાન્નામરુપપૃથકકૃતિ: (આ પ્રથમ સમાધિ સન્માત્રથી નામ રૂપને પૃથક કરવારૂપ છે) આ પ્રમાણે જોવામાં આવે છે.

હવે બીજા પ્રકારની શબ્દાનુવિદ્ધ સવિકલ્પ સમાધિ કહે છે :

**અખંડૈકરસં વસ્તુ સચ્ચિદાનંદલક્ષણમ |**
**ઈત્યવિચ્છિન્નચિન્તેયં સમાધિર્મધ્યમો ભવેત || ૨૮ ||**

**શ્લોકાર્થ:**
સચ્ચિદાનંદરૂપ લક્ષણવાળી અખંડ ને એકરસ વસ્તુ છે તેમ અવિચ્છિન્ન ચિંતન રહે તે મધ્યમ સમાધિ છે.

**ટીકા:**
સત, જ્ઞાન ને પરમાનંદ સ્વરૂપવાળી અપરિચ્છિન્ન ને એકરસ વસ્તુરૂપ બ્રહ્મ છે તેમ સતત ચિંતન રહે, અર્થાત ચિત્ત તે વસ્તુનું નિરૂપણ કરનારા શબ્દોના લક્ષ્યાર્થરૂપ તે વસ્તુને આકારે રહે આ શબ્દાનુવિદ્ધ સવિકલ્પ વા મધ્યમ સમાધિ છે.

હવે બીજા પ્રકારની નિર્વિકલ્પ સમાધિને તથા સમાધિના કર્તવ્યને કહે છે:

**સ્તવ્યભાવો રસાસ્વાદાત તૃતીય: પૂર્વવન્મત: |**
**એતૈ: સમાધિભિ: ષડભિર્નયેત્કાલં નિરન્તરં || ૨૯ ||**

**શ્લોકાર્થ:**
પરમાનંદના અનુભવથી સ્તુતિ કરવા યોગ્ય ભાવવાળી ત્રીજી સમાધિ પૂર્વની પેઠે માનેલ છે. મુમુક્ષુ આ છ સમાધિઓ વડે નિરંતર કાલ ગાળે.

**ટીકા:**
પરમાનંદરૂપ બ્રહ્મના અનુભવથી સ્તુતિ કરવા યોગ્ય ભાવ વાળી ત્રીજી નિર્વિકલ્પ સમાધિ આગળ છવીશમાં શ્લોકમાં કહેલ નિર્વિકલ્પ  સમાધિના જેવી માનેલ છે.
ઉપર જણાવેલ છ પ્રકારની સમાધિમાંથી કોઈ એક સમાધિના અનુષ્ઠાન વડે મોક્ષ સાધક પોતાનો સમય નિરંતર વ્યતીત કરે, અર્થાત એક ક્ષણ પણ પૂર્વોક્ત સમાધિમાંની કોઈ એક સમાધિ વિના તે ન રહે.

કોઈ પ્રતમાં સ્તવ્યભાવ: ને સ્થાને સ્તબ્ધીભાવ: (નિશ્ચલપણારૂપ) એવો પાઠ જોવામાં આવે છે.

કહેલ સમાધિની કર્તવ્યતાના અવધિને સૂચવતા છતા કહેલા સમાધિના પરિપાકથી પ્રાપ્ત થયેલ નિત્યસમાધિને કહે છે :

**દેહાભિમાને ગલિતે વિજ્ઞાતે પરમાત્મનિ |**
**યત્ર યત્ર મનો યાતિ તત્ર તત્ર સમાધયઃ || ૩૦ ||**

**શ્લોકાર્થ:**
પરમાત્માનો સાક્ષાત્કાર થવાથી ને દેહાભિમાન ગળી જવાથી તે બ્રહ્મવેત્તાનું મન જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં તેમને સમાધિ (બ્રહ્માકાર વૃત્તિઓ) છે.

**ટીકા:**
સચ્ચિદાનંદરૂપ અદ્વિતીય બ્રહ્મનો દૃઢ સાક્ષાત્કાર થવાથી ને હું મનુષ્ય છું, હું બ્રાહ્મણ છું, ઈત્યાદિ જ્ઞાનકાલની પૂર્વનાં દેહાભિમાનો ગળી જવાથી તેવા જ્ઞાની પુરુષનું અંતઃકરણ નેત્રાદિ ઈંદ્રિયોદ્વારા જે જે પદાર્થમાં જાય છે, તે તે પદાર્થના નામરૂપનો બાધ કરી ત્યાં ત્યાં રહેલા સચ્ચિદાનંદ રૂપ બ્રહ્મને આકારે તેના અંતઃકરણની વૃત્તિ થાય છે.

ગલિતે ની આગળ ને વિજ્ઞાતેની આગળ અવગ્રહ ચિહ્ન વાળું પાઠાંતર સ્વીકારીએ તો આ શ્લોકનો આ પ્રમાણે અર્થ થાયઃ- દેહાભિમાન નહિ ગળવાથી ને પરમાત્માનો સાક્ષાત્કાર નહિ થવાથી તે અજ્ઞાની પુરુષનું મન જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં તેને ખેદ ભયાદિ માનસ તાપ થાય છે.

એ બ્રહ્મ સાક્ષાત્કાર રૂપ સમાધિના ફલને મુંડકોપનિષદના વાક્ય વડે જણાવે છે:

**ભિદ્યન્તે હૃદયગ્રન્થિશ્છિદ્યન્તે સર્વસંશયા: |**
**ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ તસ્મિન્દૃષ્ટે પરાવરે || ૩૧ ||**

**શ્લોકાર્થ:**
તે બ્રહ્મનો સાક્ષાત્કાર થવાથી હૃદયની ગાંઠ ભેદાઈ જાય છે, સર્વ સંશયો છેદાઈ જાય છે, ને કર્મો નાશ પામે છે.

**ટીકા:**
તે સર્વાત્મક બ્રહ્મનો સ્પષ્ટ અનુભવ થવાથી જ્ઞાનીના આત્માના ને અહંકારના એકપણાની ભ્રાંતિરૂપ હૃદયની ગાંઠ ચીરાઈ જાય છે. આત્માદિને લગતા સર્વે સંશયો છેદાઈ જાય છે.

સર્વ સંચિત કર્મો નાશ પામી જાય છે. ક્રિયમાણ કર્મો સ્પર્શ કરી શકતાં નથી તેમ ચકાર વડે દર્શાવ્યું છે. બ્રહ્મજ્ઞાનીના પ્રારબ્ધ કર્મનો ફલભોગ વડે નાશ થાય છે તેમ સમજવું.

હવે જીવના સ્વરૂપનું નિરૂપણ કરે છે:

**અવચ્છિન્નશ્ચિદાભાસસ્તૃતીય: સ્વપ્નકલ્પિત: |**
**વિજ્ઞેયસ્ત્રિવિધો જીવસ્તત્રાદ્ય: પારમાર્થિક: || ૩૨ ||**

**શ્લોકાર્થ:**
અવચ્છિન્ન, ચિદાભાસ ને ત્રીજો સ્વપ્ન કલ્પિત તેમ ત્રણ પ્રકારનો જીવ જાણવો.

**ટીકા:**
સૂક્ષ્મ શરીરે રોકેલું ચેતન જે પ્રત્યગાત્મા કહેવાય છે તે અવચ્છિન્ન જીવ.

જેમ જલમાં સૂર્યનું પ્રતિબિંબ પડે તેમ અંત:કરણમાં ચેતનનું પ્રતિબિંબ પડે તે ચિદાભાસ નામનો જીવ.

હું શરીર છું, હું મનુષ્ય છું, તેમ સ્વપ્નના જેવા સ્થૂલ શરીરની સાથેના અભેદ વડે કલ્પિત જીવ ત્રીજા પ્રકારનો છે.

આ રીતે જીવ ત્રણ પ્રકારનો છે. તે ત્રણે જીવોમાં પહેલો અવચ્છિન્ન જીવ પારમાર્થિક જીવ છે.

અવચ્છિન્ન જીવનું પારમાર્થિકપણું કેવી રીતે છે તે કહે છે:

**અવચ્છેદ: કલ્પિત: સ્યાદવચ્છેદ્યં તુ વાસ્તવં |**
**તસ્મિન જીવત્વમારોપાદબ્રહ્મત્વં તુ સ્વભાવત: || 33 ||**

**શ્લોકાર્થ:**
અવચ્છેદ કલ્પિત છે, પણ અવચ્છેદ પામેલ વાસ્તવિક છે, તેમાં જીવપણું આરોપથી છે, પણ બ્રહ્મપણું સ્વભાવથી છે.

**ટીકા:**
વ્યાપક ચેતનરૂપ બ્રહ્મથી આત્માનો વિભાગ કરનાર સૂક્ષ્મ શરીર રો કલ્પિત છે, પણ જેનો વિભાગ થાય છે તે બ્રહ્મથી અભિન્ન આત્મા તો સત્ય છે.

આરોપથી બ્રહ્મમાં જીવપણું કહેવાય છે, પણ તેનું બ્રહ્મપણું તો સ્વભાવથી છે.

ઘટરૂપ ઉપાધિથી ઘટાકાશ મહાકાશથી ભિન્ન નથી, તેમ અંત:કરણરૂપ ઉપાધિથી આત્મા બ્રહ્મથી ભિન્ન હોય તેમ જણાય છે, પણ વસ્તુતાએ તે બ્રહ્મથી ભિન્ન નથી.

તેમાં પહેલો જીવ પારમાર્થિક છે તેમ કહ્યું તેનું કારણ કહે છે:

**અવચ્છિન્નસ્ય જીવસ્ય તાદાત્મ્યં બ્રહ્મણા સહ |**
**તત્વમસ્યાદિવાક્યાનિ જગુર્નેતરજીવયો: || ૩૪ ||**

**શ્લોકાર્થ:**
અવચ્છિન્ન જીવનું બ્રહ્મની સાથે તાદાત્મ્ય 'તે તું છે' ઈત્યાદિ વાક્યો કહે છે. બીજા બે જીવનું નહિ.

**ટીકા:**
અંત:કરણરૂપ ઉપાધિ વડે વિભાગ પામેલા જીવના લક્ષ્યાર્થનો આત્માનો બ્રહ્મની સાથે અભેદ જ છે તેમ આ ઉપનિષદના મહાવાક્યો કહે છે.

'તે તું છે', (તત્વમસિ)
'પ્રજ્ઞાન બ્રહ્મ છે', (પ્રજ્ઞાનં બ્રહ્મ)
'આ આત્મા બ્રહ્મ છે', (અયમાત્મા બ્રહ્મ)
'હું બ્રહ્મ છું' (અહં બ્રહ્માસ્મિ)

ચિદાભાસ ને સ્વપ્નકલ્પિત આ બે જીવો કલ્પિત હોવાથી તેનો બ્રહ્મની સાથે અભેદ છે તેમ મહાવાક્યો કહેતાં નથી.

કોઈ પ્રતમાં પૂર્વાર્ધનું બીજું ચરણ પૂર્ણેન બ્રહ્મણૈકતામ તેમ જોવા મળે છે.

તે બેનું મિથ્યાપણું કેવી રીતે છે તેમ જાણવાની ઈચ્છા થાય તો કહે છે:

**બ્રહ્મણ્યવસ્થિતા માયા વિક્ષેપાવૃત્તિરુપકા |**
**આવૃત્યાખણ્ડતાં તસ્મિન્જગજ્જીવૌ પ્રકલ્પયેત || ૩૫ ||**

**શ્લોકાર્થ:**
આવરણ વિક્ષેપવાળી માયા બ્રહ્મને આશરે રહેલી છે. તેના (બ્રહ્મના) અખંડપણાને ઢાંકીને તે માયા તેમાં જગત ને જીવ કલ્પે છે.

**ટીકા:**
આવરણ તથા વિક્ષેપરૂપ સ્વભાવવાળી માયા સચ્ચિદાનંદરૂપ બ્રહ્મને આશરે રહેલી છે. તે માયા બ્રહ્મમાં રહેલા સ્વાભાવિક અખંડપણાને ઢાંકીને તે બ્રહ્મમાં જગદરૂપ અનેક પ્રકારના ભોગ્યને તથા જીવરૂપ અનેક પ્રકારના ભોક્તાઓને પ્રતીત કરાવે છે.

હવે જીવના તથા જગતના સ્વરૂપને કહે છે:

**જીવો ધીસ્થશ્ચિદાભાસો જગત્સ્યાદ્ભૂતભૌતિકમ ।**
**અનાદિકાલમારભ્ય મોક્ષાત્પૂર્વમિદં દ્વયમ ।। ૩૬ ।।**

**શ્લોકાર્થ:**
બુદ્ધિમાં રહેલો ચિદાભાસ જીવ છે, ને ભૂત ભૌતિક જગત છે. અનાદિકાલથી માંડીને મોક્ષની પૂર્વે આ બંને છે.

**ટીકા:**
બુદ્ધિમાં પડેલું ચેતનનું પ્રતિબિંબ તે અવિદ્યાએ કલ્પેલો જીવ છે, અને આકાશાદિ પાંચ ભૂતો તથા એ ભૂતોમાંથી ઉપજેલાં પ્રાણીઓનાં શરીરો તથા જડ પદાર્થો એ જગત છે. આમાં જીવ ભોક્તા છે, ને જગત ભોગ્ય છે. આ બંને અખંડ બ્રહ્મમાં અવિદ્યાવડે કલ્પિત છે. અનાદિ કાલથી માંડીને અવિદ્યાની નિવૃત્તિરૂપ મોક્ષની પૂર્વે આ જીવ ને જગત પ્રતીત થયા કરે છે, બાધ પામતાં નથી.

**નોંધ:**
કોઈ પ્રતમાં ૩૬-૩૭ શ્લોક નીચે પ્રમાણે જોવામાં આવે છે:

**જીવો ધીસ્થશ્ચિદાભાસો ભવેદ્ભોક્તા હિ કર્મકૃત ।**
**ભોગ્યરુપમિદં સર્વં, જગત્સ્યાદ્ભૂતભૌતિકમ ।। ૩૬ ।।**
**અનાદિકાલમારભ્ય, મોક્ષાર્પૂર્વમિદં દ્વયમ ।। ૩૬ ।।**
**વ્યવહારે સ્થિતં તસ્માદુભયં વ્યાવહારિકમ ।। ૩૭ ।।**

બુદ્ધિમાં રહેલો ચિદાભાસ જીવ છે, તે કર્મ કરનારો ને ભોક્તા છે. આ ભૂતો અને ભૂતોના કાર્યરૂપ સર્વ જગત ભોગ્યરૂપ છે. અનાદિકાલથી આરંભીને મોક્ષની પૂર્વ અવસ્થા સુધી આ ભોક્તા ને ભોગ્ય બંને વ્યવહારમાં સ્થિત છે, તેથી તે બંને વ્યાવહારિક છે.

જીવ ને જગત જો અનાદિ હોય, તો મોક્ષની પહેલાં તેમની નિવૃત્તિ ન થતી હોય, તો શ્રુતિ સ્મૃતિમાં સૃષ્ટિ પ્રલય તથા સુષુપ્તિ જાગ્રત કહ્યાં છે તે શી રીતે સંભવી શકે તેમ શંકા થાય તો તેના સમાધાનમાં કહે છે:

**ચિદાભાસે સ્થિતા નિદ્રા વિક્ષેપાવૃત્તિરુપિણી |**
**આવૃત્ય જીવજગતી પૂર્વં નૂત્નેન કલ્પયેત || ૩૭ ||**

**શ્લોકાર્થ:**
આવરણ ને વિક્ષેપવાળી નિદ્રા ચિદાભાસમાં રહેલી છે. તે પ્રથમ જીવ જગતને ઢાંકીને નૂતનરૂપે કલ્પે છે.

**ટીકા:**
આવરણ સ્વભાવવાળી તથા વિક્ષેપસ્વભાવ વાળી વ્તષ્ટિ-અવિદ્યા ચિદાભાસ એટલે જીવમાં રહેલી છે. તે સુષુપ્તિમાં અને પ્રલયમાં જીવનો તથા જગતનો પોતાની સાથે અભેદ કરે છે, ને પછી જાગ્રતમાં તથા જગતની ઉત્પતિના સમયમાં તે જીવને તથા જગતને નૂતનરૂપે પ્રતીત કરાવે છે, પ્રાતિભાસિક જીવના તથા જગતના વ્યવહારને પ્રવર્તાવે છે. કોઈ પ્રતમાં ઉત્તરાર્ધનું બીજું ચરણ પૂર્વે નૂત્ને તુ કલ્પયેત (તે પૂર્વનાં વ્યાવહારિક જીવ જગતને ઢાંકીને બીજાં નવીન પ્રાતિભાસિક કલ્પે છે.) એવું જોવામાં આવે છે.

જીવનું તથા જગતનું પ્રાતિભાસિકપણું કેવી રીતે છે તેમ જાણવાની ઈચ્છા થાય તો તેનું સમાધાન કરે છે:

**પ્રતીતિકાલ એવૈતે સ્થિતત્વાત્પ્રાતિભાસિકે ।**
**નહિ સ્વપ્નપ્રબુદ્ધસ્ય પુનઃ સ્વપ્ને સ્થિતિસ્તયોઃ ।। ૩૮ ।।**

**શ્લોકાર્થ:**
એ બંને પ્રતીતિકાલમાં જ સ્થિત હોવાથી પ્રાતિભાસક છે. સ્વપ્નમાંથી જાગેલાની પુનઃ સ્વપ્નમાં સ્થિતિ નથી, તેથી તે બંને નથી.

**ટીકા:**
એ જીવ તથા જગત પ્રતીતિના સમયમાં જ સ્થિત હોવાથી તે બંને પ્રાતિભાસિક એટલે પ્રતીતિના સમયમાં જ પ્રતીત થનાર કહેવાય છે. સ્વપ્નમાંથી જાગેલા પુરુષની પુનઃ સ્વપ્નમાં સ્થિતિ થતી નથી, તેથી સ્વપ્નનું જગત ને જીવ એ બંને જાગેલાને પ્રતીત થતાં નથી.

પ્રાતિભાસિક જીવના સ્વરૂપને કહી તેનાથી ભિન્ન વ્યાવહારિક જીવને કહે છે:

**પ્રાતિભાસિકજીવસ્તુ જગતત્પ્રાત્તિભાસિકમ |**
**વાસ્તવં મન્યતે યસ્તુ મિથ્યેતિ વ્યાવહારિક: || ૩૯ ||**

**શ્લોકાર્થ:**
પ્રાતિભાસિક જીવ તો તે પ્રાતિભાસિક જગતને વાસ્તવિક માને છે. જે તેને મિથ્યા માને છે તે વ્યાવહારિક જીવ છે.

**ટીકા:**
સ્વપ્નાવસ્થાવાળો પ્રાતિભાસિક જીવ તો છીપમાં કલ્પાયેલા રૂપાના જેવા કલ્પિત માત્ર પ્રતીત થનારા સ્વપ્નના જગતને સત્ય માને છે.

જે એ સ્વપ્નના જગતને મિથ્યા જાણે છે તે વ્યાવહારિક જીવ કહેવાય છે.

એવી રીતે પ્રાતિભાસિક જીવથી વ્યાવહારિક જીવનો ભેદ કહીને હવે વ્યાવહારિક જીવથી પારમાર્થિક જીવનો ભેદ કહે છે:

**વ્યાવહારિકજીવસ્તુ જગત્તદ્વયાવહારિકમ |**
**સત્યં પ્રત્યેતિ મિથ્યેતિ મન્યતે પારમાર્થિકઃ || ૪૦ ||**

**શ્લોકાર્થ:**
વ્યાવહારિક જીવ તો તે વ્યાવહારિક જગતને સત્ય જાણે છે, ને જે તે મિથ્યા છે તેમ માને છે તે પારમાર્થિક છે.

**ટીકા:**
જાગ્રત દશા વાળો વ્યાવહારિક જીવ પ્રતીત થતા આ વ્યાવહારિક જગતને ત્રણે કાલમાં રહેનારું માને છે. જે જીવ આ પ્રતીત થતું જગત મિથ્યા છે તેમ માને છે તે જીવ પારમાર્થિક કહેવાય છે.

તે પારમાર્થિક જીવની અદ્વય બ્રહ્મની સાથેના એકપણાની યોગ્યતાને જણાવે છે:

**પારમાર્થિકજીવસ્તુ બ્રહ્મૈકં પારમાર્થિકમ |**
**પ્રત્યેતિ વીક્ષતે નાન્યદ્વીક્ષતે ત્વનૃતાત્મના || ૪૧ ||**

**શ્લોકાર્થ:**
બ્રહ્મ જ એક પારમાર્થિક છે તેમ પારમાર્થિક જીવ જાણે છે. અન્ય જોતો નથી. જો જુએ છે તો મિથ્યારૂપે જુએ છે.

**ટીકા:**
બ્રહ્મ જ એક પારમાર્થિક વસ્તુ છે તેમ પારમાર્થિક જીવ અભેદ ભાવે જાણે છે. અન્ય પરિચ્છિન્ન વસ્તુને તે સત્યરૂપે જોતો નથી. જો કદાચિત તે અન્ય પરિચ્છિન્ન પદાર્થને જુએ છે તો મિથ્યારૂપે જુએ છે.

કોઈ પ્રતમાં બ્રહ્મૈકં ને સ્થાને બ્રહ્મૈક્યં તેવો પાઠ છે.

વ્યાવહારિક ને પ્રાતિભાસિક જીવ અવિદ્યા વડે કલ્પિત હોવાથી જડ છે, તેથી તેનું જીવપણું ઘટતું નથી, કેમ કે જીવ તો ચેતન રૂપ છે તેમ શંકા થાય તો તેનું દૃષ્ટાંત વડે નિરાકરણ કરે છે:

**માધુર્યદ્રવશૈત્યાદિજલધર્માસ્તરંગકે |**
**અનુગમ્યાપિ તન્નિષ્ઠે ફેનેડપ્યનુગતા યથા || ૪૨ ||**

**શ્લોકાર્થ:**

જેમ મધુરપણું, વહન ને શીતપણું આદિ જલના ધર્મો તરંગમાં અનુવર્તીને તેમાં રહેલા ફીણમાં પણ અનુગત છે, તેમ પારમાર્થિક જીવના સચ્ચિદાનંદાદિ સ્વભાવ વ્યાવહારિક ને પ્રાતિભાસિક જીવમાં પણ અનુવર્તે છે.

**ટીકા:**

જેમ મધુરપણું, વહેવું ને શીતલતા આદિ જલના સ્વાભાવિક ધર્મો તરંગમાં અનુવર્તીને તેમાં રહેલા ફીણમાં પણ અનુવર્તે છે, તેમ સાક્ષીમાં રહેલા સચ્ચિદાનંદાદિ સ્વભાવ પણ વ્યાવહારિક તથા પ્રાતિભાસિક જીવમાં અનુવર્તે છે.

એવી રીતે આત્માના ધર્મોના અધ્યારોપનું પ્રતિપાદન કરીને હવે તેના અપવાદના પ્રકારને કહે છે:

**પ્રાતિભાસિકજીવસ્ય લયે સ્યુર્વ્યાવહારિકે |**
**તલ્લયે સચ્ચિદાનન્દા: પર્યવસ્યન્તિ સાક્ષિણિ || ૪૩ ||**

ઈતિ શ્રીમત્પરમહંસપતિવ્રાજકાચાર્યશ્રીમચ્છંકરાચાર્યવિરચિતા શ્રીવાક્યસુધા સમ્પૂર્ણા ||

**શ્લોકાર્થ:**
પ્રાતિભાસિક જીવના સ્વભાવો વ્યવહારિકમાં લય પામે છે, ને તેના સચ્ચિદાનંદસ્વભાવો સાક્ષીમાં અંત પામે છે.

**ટીકા:**
સ્વપ્નાવસ્થાના પ્રાતિભાસિક જીવના સ્વભાવો જાગ્રદવસ્થાના વ્યાવહારિક જીવમાં લય પામે છે, અને જાગ્રદવસ્થાના વ્યાવહારિક જીવના સચ્ચિદાનંદાદિ સ્વભાવો સાક્ષિરૂપ જે પારમાર્થિક જીવ તેમાં પર્યવસન પામે છે, એવી રીતે કલ્પિતનો અપવાદ થવાથી અધિષ્ઠાનરૂપ સત જ અવશેષ રહે છે.

તે પ્રમાણે બ્રહ્મવિદ્યાવાળા પરમહંસોના ને પરિવ્રાજકોના આચાર્ય શ્રીશંકરાચાર્યજીએ રચેલા વાક્યસુધા નામના ગ્રંથરૂપ રત્નની શ્રીનાથશર્મપ્રણીત ભાવાર્થ દીપિકા નામની ટીકા પૂરી થઈ.

**નોંધ:**
કોઈ પ્રતમાં આ શ્લોકની પૂર્વ નીચેના બે શ્લોકો વધારે જોવામાં આવે છે:

**સાક્ષિસ્થા: સચ્ચિદાનન્દા: સમ્બન્ધા વ્યાવહારિકે |**
**તદદ્વારેણાનુગચ્છન્તિ તથૈવ પ્રાતિભાસિકે ||**
**લયે ફેનસ્ય તદ્ધર્મા દ્રવદ્યા: સ્યુસ્તરંગકે |**
**તસ્યાપિ વિલયે નીરે તિષ્ઠન્ત્યેતે યથા પુરા ||**

સાક્ષીમાં રહેલા સત, ચિત ને આનંદરૂપ સ્વભાવો વ્યાવહારિક સંબંધ પામેલા છે, પછી તે દ્વારા પ્રાતિભાસિક જીવમાં તેવી રીતે જ અનુવૃત્તિ પામે છે. જેમ ફીણનો લય થયે તેમાં રહેલા તેના પ્રવાહીપણું વગેરે ધર્મો તરંગમાં સમાય છે, ને તરંગનો પણ જલમાં વિલય થાય છે ત્યારે તે તરંગ ને ફીણ પૂર્વની પેઠે જલરૂપ થઈ જાય છે, તેમ આભાસની નિવૃત્તિ થયે વ્યાવહારિક ને પ્રાતિભાસિક જીવમાં અનુગત થયેલા સત, ચિત ને આનંદરૂપ સ્વભાવો સાક્ષીમાં મળી જાય છે.